**–:: આંક–૧ અન્વયે હુકમ ::–**

**ફોજદારી કેસ નંબર : ૯૧૪/૨૦૨૫**

**–:: હુકમ ::–**

૧) સદર કામ આજરોજ લોક–અદાલત હોય સ્પેશીયલ સીટીંગ સંદર્ભે હાથ ઉપર લીધેલ હોય સદર કામે ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, સદર કામના ફરીયાદી ધ્વારા હાલના આરોપી સામે **ગુજરાત કારખાનાના નીયમો–૧૯૬૩ ના નિયમ–૯૫(૧)** ના ભંગ અન્વયે કારખાના અધિનિયમ–૧૯૪૮ ની કલમ–૯૨ હેઠળ શિક્ષાને પાત્ર ગુના સંદર્ભેની ધોરણસર ફરીયાદ આ અદાલતમાં દાખલ કરતા આરોપીને તે સંદર્ભે સમન્સ ઈશ્યુ કરવામાં આવેલ. આરોપીને સમન્સ બજી જતા આરોપી સદર કામે હાજર થયેલ હોય અને આરોપી ધ્વારા ગુનાની કબુલાત પુરશીસ રજુ રાખેલ છે અને તેમાં જણાવ્યા મુજબ તેઓ સ્વૈચ્છાએ અને રાજી–ખુશીથી પોતાનો ગુનો કબુલ કરેલ છે, તેમજ ભવિષ્યમાં આવો ગુનો ફરીથી નહી કરે તેવી ખાત્રી આપેલ છે અને રહેમ રાખી ઓછામાં ઓછી શિક્ષા કરવા અરજ કરેલ છે.

૨) આરોપીએ ગુનાની કબુલાત પુરશીસ રજુ કરતા આરોપીને સમજાવવામાં આવેલ કે તેઓ ગુનો કબુલ કરવા બંધાયેલ નથી અને તેઓ ગુનો કબુલ કરશે તો આવી કબુલાત તેઓ વિરૂધ્ધ પુરાવા તરીકે ઉપયોગમાં લેવાશે, આમ છતાં આરોપી પોતાને ગુનો કબુલ હોવાનુ જણાવેલ છે. ત્યારબાદ આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવતા તેમાં પણ આરોપી પોતાની સામેનો ગુનો કબુલ હોવાનુ જણાવેલ છે. આમ આરોપી સ્વૈચ્છીક રીતે પોતાનો ગુનો કબુલ કરતા હોવાનુ જણાય છે.

૩) ઉપરોકત રજુઆત તથા કેસની હકીકત લક્ષમાં લેતાં તેમજ આરોપી/આરોપીઓ એ કરેલ રજુઆત મુજબ તેને પેતાના ગુના બદલ પારાવાર પસ્તાવો થયેલ હોય અને અગાઉ કોઈ ગુનો ન કરેલા નુ આરોપી ધ્વારા જણાવેલ હોય, આમ, ઉપરોકત તમામ હકીકતો લક્ષમાં લેતા આરોપીને શિક્ષાત્મક સજા કરવાને બદલે દંડાત્મક શિક્ષા કરવામાં આવશે તો ન્યાયનો હેતુ જળવાઈ રહેશે તેવુ અત્રેની કોર્ટનું માનવુ છે. સવિશેષ નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા સ્ટેટ ઓફ ગુજરાત વીરૂધ્ધ નટવર હરચંદજી ઠાકોર, ૨૦૦૫ (૧) જી.એલ.આર.–૭૦૯ ના ચુકાદામાં પ્રસ્થાપીત કરેલ સિધ્ધાંત લક્ષમાં લેતા, અને આરોપીઓ ધ્વારા કરેલ કબુલાતને લક્ષમાં લેતા હાલના આરોપી વિરૂધ્ધ ગુનો સાબીત થયેલ છે, તેમજ તેની રજુઆતને તથા આજરોજ લોક–અદાલત હોય અને ઉપરોકત હકીકતો લક્ષમાં લઈ ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**–:: હુકમ ::–**

**(૧) સદર કામે આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા–૨૦૨૩ની કલમ – ૨૭૫ અન્વયે ગુજરાત કારખાનાના નિયમો–૧૯૬૩ના નિયમ–૯૫(૧) ના ભંગ અન્વયે કારખાના અધિનિયમ–૧૯૪૮ની કલમ–૯૨ હેઠળ તકસીરવાન ઠરાવીને આરોપીને રૂપીયા ૭,૦૦૦/– (સાત હજાર પુરા) દંડ ની સજા ફરમાવુ છું અને જો દંડ ન ભરે તો દિન–૧૦ ની સાદી કેદની સજા ભોગવવા નો આથી હુકમ કરવામાં આવે છે.**

**(૨) આરોપી એ કુલ રૂપીયા ૭,૦૦૦/– (સાત હજાર પુરા) દંડ ભરવો.**

**હુકમ આજરોજ તારીખ ૧૪/૦૩/૨૦૨૬ ના રોજ વાંચી સંભળાવી જાહેર કર્યો.**

**તારીખ : ૧૪/૦૩/૨૦૨૬.**

**સુરત.**

**(હાર્દિક દીલીપભાઈ રાજપુરા)**
**એડી.ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ,**
**એન્ડ લેબર જજ, કોર્ટ નંબર–૪**
**સુરત.**
**(CODE NO.GJ01291)**